# C. N. COMPUTER CENTRE "EXHIBITION – 2009"

## Report

28-12-2009



દર વર્ષની જેમ આ વર્ષે પણ C.N Computer Centre દ્વારા અનોખું પ્રદર્શન **તા. ૧૮ થી ૨૨ ડિસેમ્બર ૨૦૦૯** સુધી યોજવામાં આવ્યું હતું. આ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન તા.૧૮/૧૨/૨૦૦૯ના રોજ **ડૉ. કે. એસ. દાસગુપ્તા** (Deputy Director - SAC) ના હસ્તે સવારે ૧૦:૦૦ વાગ્યે થયું હતું. આ પ્રદર્શનમાં સેન્ટરમાં ચાલતાં જુદા - જુદા કેન્દ્ર સરકાર માન્ય તથા પ્રોફેશનલ કમ્પ્યૂટર કોર્સની માહિતી, વિદ્યાર્થીઓએ કરેલ પ્રોજેકટસ તથા વિદ્યાર્થીઓનાં જ્ઞાનમાં વધારો થાય તેવી કેટલીક માહિતી ચાર્ટ, વિવિધ પ્રેઝન્ટેશન તથા કમ્પ્યૂટરની મદદથી રજુ કરવામાં આવી હતી. જેમકે,

**- Touch Screen Presentation**

સી. એન. વિદ્યાવિહારની વિવિધ સંસ્થાઓની મુવી રજુ કરતું એક પ્રેઝન્ટેશન મુકવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાવિહારનાં નકશાની મદદથી કોઇ પણ સંસ્થાની મુવી ફકત આંગળીના સ્પર્શથી જોઇ શકાતી હતી.

**- C.N. Website**

આ ઉપરાંત, હાલમાં ઇન્ટરનેટ ઉપર ઉપસ્થિત C.N.Vidyaviharની દરેક સંસ્થાને લગતી માહિતી ધરાવતી website (www.cnvidyavihar.org) એક કમ્પ્યૂટર પર રજૂ કરવામાં આવી હતી.

**- DOEACC "O" Level અને "CCC" Course**

આ વિભાગમાં કમ્પ્યૂટર સેન્ટરમાં ચાલતા કેન્દ્ર સરકાર માન્ય DOEACC "O" Level અને DOEACC "CCC" Course વિશેની માહિતી આપવામાં આવી હતી. કમ્પ્યૂટર દ્વારા DOEACC ના જુદાજુદા કોર્ષની પ્રવેશ પધ્ધતિ તથા તેનું કારકિર્દીને લગતું મહત્વ સમજાવવામાં આવ્યું હતું તથા અત્યાર સુધીમાં DOEACC ના વિદ્યાર્થીઓ દ્વારા બનાવાયેલા Projects પણ મુકવામાં આવ્યા હતાં.

**- Software Development**

દર વર્ષે સી.એન. કિશોર વિદ્યાલયમાં મહામંત્રીના પદ માટેની ચૂંટણી કમ્પ્યૂટર સેન્ટરમાં બનાવેલ સોફટવેર દ્વારા કરવામાં આવે છે. આ સોફટવેર દ્વારા કેવી રીતે મતદાન કરી શકાય છે તથા મતદાન પૂર્ણ થતા તેનો રિર્પોટ કેવી રીતે બને છે તે સમજાવવામાં આવ્યું હતું.

વિદ્યાવિહારના વિદ્યાર્થીઓને આપવામાં આવતી ફીની રસીદનું કાર્ય કેવી રીતે કમ્પ્યૂટરાઇઝ સોફટવેર દ્વારા કરવામાં આવે છે તે સમજાવવામાં આવ્યું હતું.

આ ઉપરાંત કમ્પ્યૂટર સેન્ટરમાં ચાલતાં પ્રોફેશનલ કોર્સની એડમિશન પ્રક્રિયા પણ સેન્ટરમાં બનાવેલ સોફટવેરની મદદથી થાય છે. આ સોફટવેર કેવીરીતે કાર્ય કરે છે તે પણ એક કમ્પ્યૂટર પર રજુ કરવામાં આવ્યું હતું.

**- Best Out of Waste**

આ વિભાગમાં કમ્પ્યૂટરના નકામાં થઇ ગયેલ ભાગોમાંથી બનાવેલ કલાકૃતિઓ રજુ કરવામાં આવી હતી. જેમકે ફલોપી, સીડી, માઉસ, કીબોર્ડ, નેટવર્કના વાયર, જુદાજુદા Add-ons કાર્ડ વગેરેનો ઉપયોગ કરીને આકર્ષક ક્રિસમસ ટ્રી, ઇન્વીટેશન કાર્ડ, લેમ્પ્સ, વિન્ડચાઇમ, ફોટો ફ્રેમ, કેલેન્ડર, નેમ પ્લેટ, ઓટોરીક્ષા, જવેલરી, રોબોટ, ફલાવર પોટ, ફૂલો વગેરે ચીજવસ્તુઓ બનાવી પ્રદર્શિત કરવામાં આવી હતી. આ ઉપરાંત નકામાં થઇ ગયેલ મોનીટર માંથી ટીપોઇ તથા કીબોર્ડની keys માંથી બનાવેલ ગણેશ પ્રદર્શિત કરવામાં આવ્યા હતાં. હાલનાં ખુબ જ ચર્ચિત એવાં "Global Warming" વિષય પર પ્રકાશ પાડતી માહિતી પણ એક ચાર્ટ દ્વારા રજુ કરવામાં આવી હતી. જેમાં "Global Warming" શું છે અને તેની સામે આપણે કઇ બાબતો ધ્યાનમાં લઇ વાતાવરણમાં વધતું પ્રદુષણ અટકાવી શકાય તેની માહિતી પ્રદર્શિત કરવામાં આવી હતી.

**- Students Projects**

Computer Centreમાં ધોરણ 1 થી 12 નાં વિદ્યાર્થીઓ માટે કમ્પ્યૂટરના એકેડેમીક કોર્સ ઊપરાંત, વિદ્યાર્થીઓની કલ્પના શકિત, સર્જનાત્મક શકિત તેમજ તાર્કિક શકિત ખીલે તે હેતુથી Vacation Batchનું આયોજન કરવામાં આવે છે. જેમાં ધોરણ 5 થી 12 નાં વિદ્યાર્થી વેબ ડિઝાઇનીંગ, ગ્રાફિક ડિઝાઇનીંગ, એનીમેશન, ઓટોકેડ જેવા વિષયો શીખે છે. આ ઉપરાંત ધોરણ 1 થી 4ના

વિદ્યાર્થીઓ જ્ઞાન સાથે ગમ્મત કરતાં કરતાં કમ્પ્યૂટરને ઓળખી, સમજી અને તેનો જુદા જુદા વિષયને સમજવા માટે ઉપયોગ કરી શકે તે હેતુંથી તેમને અલગ-અલગ એજ્યુકેટર સોફ્ટવેર શીખવવામાં આવે છે. આમ આ વિભાગમાં વિદ્યાર્થીઓએ વેકેશનમાં યોજાએલ જુદી જુદી બેચમાં તૈયાર કરેલ પ્રોજેક્ટ મુકવામાં આવ્યાં હતાં. જેમકે, Havmore Ice Cream, Navneet Publications, NASA, Garvi Gujarat, Indian Festivals વગેરે વિષયને રજુ કરતી વેબ સાઈટ તથા ગ્રીટીંગ્સ કાર્ડસ્, વિઝીટીંગ કાર્ડસ્, પોસ્ટર્સ્, બેનર્સ, લીફલેટસ્, બ્રોશર્સ વગેરે જેવા કમ્પ્યૂટર ગ્રાફીક્સ મુકવામાં આવ્યાં હતાં.

**- STD 3 to 12 courseware**

શાળામાં ધોરણ 3 થી 12ના વિદ્યાર્થીઓ માટેનો કમ્પ્યૂટરનો અભ્યાસક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. પ્રદર્શનાર્થીઓને આ અંગેની સમજૂતી મળી રહે તે હેતુથી દરેક ધોરણ પ્રમાણે અભ્યાસક્રમને લગતું Multimedia Presentation અલગ-અલગ કમ્પ્યૂટર પર રજુ કરવામાં આવ્યું હતું.

**- Computer Club**

શાળાનાં કમ્પ્યૂટર વિષયમાં વધુ રૂચી ધરાવતાં વિદ્યાર્થીઓ માટે કમ્પ્યૂટર કલબનું આયોજન કરવામાં આવ્યું છે, આ કલબમાં થતી જુદી જુદી પ્રવૃત્તિઓ દર્શાવતું એક Multimedia Presentation પણ મુકવામાં આવ્યું હતું.

**- Publications**

કમ્પ્યૂટર સેન્ટર તરફથી વિદ્યાર્થીઓને કમ્પ્યૂટરના ક્ષેત્રે અગ્રેસર રાખવાના ઉદ્દેશથી ધોરણ ૪ થી ૫ નાં વિદ્યાર્થીઓનો અભ્યાસક્રમ કમ્પ્યૂટર સેન્ટરનાં શિક્ષકો દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે. આ માટે પ્રકાશિત કરેલ પુસ્તકો લોગો સ્વાધ્યાય પુસ્તિકા, કમ્પ્યૂટર માર્ગદર્શિકા ભાગ -૧,૨,૩ દર્શાવવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત કમ્પ્યૂટર ક્ષેત્રે થતી અવનવી શોધો અને સમાચાર અંગે વિદ્યાર્થીઓને જાણકારી આપવાના હેતુસર કમ્પ્યૂટર સેન્ટર દ્વારા પ્રકાશીત કરવામાં આવેલ ***"C.N. Computer Vision"*** સામયિકનાં ૧૫ અંક પણ રજુ કરવામાં આવ્યાં હતાં.

**- Professional Courses**

કમ્પ્યૂટર સેન્ટરમાં શાળાનાં વિદ્યાર્થીઓ ઉપરાંત બહારનાં વિદ્યાર્થીઓ માટે કેટલાં નવાં કમ્પ્યૂટરનાં પ્રોફેશનલ કોર્સ શરૂ કરવામાં આવ્યાં છે. આ કોર્સ વિશેની માહિતી જેવીકે દરેક કોર્સનો સમયગાળો, લાયકાત, અભ્યાસક્રમ, ફી, વગેરે માહિતી ચાર્ટ સ્વરૂપે મુકવામાં આવી હતી.

આ ઉપરાંત વિદ્યાર્થીઓનાં જ્ઞાનમાં વધારો થાય તે હેતુસર બે ચાર્ટ પ્રદર્શીત કરવામાં આવ્યાં હતાં જેમાં વિદ્યાર્થી માટે ઉપયોગી બને તેવાં ટીવી પ્રોગ્રામનું લિસ્ટ તથા પોતાનામાં રહેલ અનન્ય ખાસિયતને આધારે દુનિયાની ટોચની ૧૦ અદ્ભુત વ્યકિતઓની યાદી દર્શાવવામાં આવી હતી.

આ પ્રદર્શનનો લાભ સી.એન. વિદ્યાવિહારની દરેક સંસ્થાઓ, વાલીઓ તેમજ શિક્ષકોએ લીધો હતો. આ ઉપરાંત અમદાવાદની બીજી ઘણી સંસ્થાઓના આચાર્યશ્રી તથા શિક્ષકાને પણ આ પ્રદર્શન જોવા આમંત્રણ આપવામાં આવ્યું હતું. પ્રદર્શનો અહેવાલ સમાચારપત્રમાં પ્રદર્શિત થયો હતો.

## પ્રદર્શન નિહાળનાર અનેક વ્યક્તિઓમાંથી કેટલાકના અભિપ્રાય...

I am extremely happy to attend this exhibition. This exhibition is unique and having a new look and concept of use of e-waste. I wish you to extend these ideas for the wider reach. I wish all the best.

- ડૉ. કે. એસ. દાસગુપ્તા (મુખ્ય મહેમાન)

----------------------------------

What an idea Sirji, A wonderful exhibition, creativity at it's peak, Quite innovative wish other institutions take a leaf out of Computer Centre and hold such exhibitions. Kudos to the Director who really provides his directions and his staff for the pains taken. Let it be still better next year.

- શ્રી તુષાર પુરાણી (ડિરેક્ટર - સી.એન.વિદ્યાવિહાર)

----------------------------------

The centre is not only encourages students but helps to bring out creative abilities of students. Very good work.

શ્રી એસ. એમ. શાહ (ડિરેક્ટર - એ. ઇ. એસ.)

----------------------------------

કમ્પ્યૂટર પ્રદર્શન જોયું, વેસ્ટમાંથી બેસ્ટ જોઇને ખૂબ જ આનંદ થયો. વેચાણથી વસ્તુ આપો તો ખૂબ ગમશે. બાળકો જે રીતે સમજાવે છે તે જોતાં - સાંભળતાં અતિ આનંદ થાય. આ બધામાંથી બાળકોમાં અંદર રહેલા ગુણો - શકિતઓ બહાર આવે છે. હાલમાં આ બીજારોપણ છે. ભવિષ્યમાં તે વટવૃક્ષ બનીને ફાલશે જ તેની મને ખાત્રી છે. આ બધું જોતાં સી.એન.નાં જૂના - વિદ્યાર્થીની તરીકે ગર્વ અનુભવું છું. આજે પણ મારી સંસ્થા પ્રગતિના પંથે ચાલુ જ છે. પૂ. બેન, તથા અન્ય વડીલો જેમણે આ સંસ્થા સધ્ધર બનાવી છે તે સૌના આત્મા પણ આજે આ જોઇને આનંદ અનુભવતા હશે. તે સૌના આર્શીવાદ આપણી ઉપર વરસ્યા કરે તે જ પ્રભુ પ્રાર્થના.

**- શ્રી જયોતિ પરાગ શાહ**

Excellent Exhibition. Very Hard work & efforts put in by students & Teachers. Keep it Up. Thanks.

**- શ્રી પંકજ ભટ્ટ (આઇ.આઇ.એમ.)**

----------------------------------

Wonderful, Please carry on your activities. Best Wishes.

**- ડૉ. એમ. કે. શાહ (ઉમંર ૮૭ વર્ષ)**

----------------------

આજના એકઝીબીશનમાં દ્દષ્ટિ દેખાય છે. અમદાવાદનું સારામાં સારું ઇન્ફાસ્ટ્રકચર ધરાવતું C.N.Computer Center ઘણુંજ સમાજ ઉપયોગી બની શકે તેમ છે. ક્રીએટીવ પાર્ટ અને એડવાન્સ પાર્ટ ઘણા સારા છે. આયોજકશ્રી તથા સ્ટાફને ઘણા અભિનંદન.

**- શ્રી પ્રવીણભાઇ (સી.એન.જી.બી.ટી.સી.)**

-----------------------------------

**Very creative and thought providing. Hope we could rope in all Vidyavihar institutes in the future and do a joint exhibition under the leadership of the Computer Centre !**
**My best Wishes.**

**- શ્રી તૃપ્તીબેન (મધ્યસ્થ કાર્યાલય)**

-----------------------------------

ખૂબ સુંદર કળા, જહેમત અને બાળકોને સતત કાંઇક નવું આપતા રહેવાની શ્રી બિમલભાઇ રાવલ અને કમ્પ્યૂટર સેન્ટરના સ્ટાફની અદમ્ય ઇચ્છા એટલે જ કમ્પ્યૂટર પ્રદર્શન - ૨૦૦૯. અમારા બાળપણમાં અમને આવું કાંઇ નથી મળી શકયું, એનો અમને અફસોસ થયા વિના ન રહ્યો. સર્વેને અમારાં હાર્દિક અભિનંદન. ભવિષ્યમાં હજી પણ સારા સોપાન સર કરો એવી શુભેચ્છા.

**- શ્રી નેહાબેન (સી.એન.કિશોર વિદ્યાલય)**

શેઠ સી.એન. કોલેજ ઓફ ફાઇન આર્ટસના વિદ્યાર્થીઓ નાના વિદ્યાર્થીઓ પાસેથી બોલવાની હિંમત શીખીને જઇ રહ્યા છે જે ખરેખર અભિનંદનને પાત્ર છે. નાના વિદ્યાર્થીઓ પણ મોટાઓને ઘણું શીખવાડી શકે છે જેનો આ અદ્ભૂત અનુભવ છે.

**- શ્રી આનલ પરમાર (લેકચરર - સી.એન.ફાઈન આર્ટસ કોલેજ)**

-----------------------------------

Amazing creativity! each part is very well made and exhibited. Cheers to all the teachers and the students. Keep it up !!

**- શ્રી સોનૂ ગોહિલ (સી.એન.અંગ્રેજી કેન્દ્ર)**

-----------------------------------

Interesting, Innovative, Direction towards future career, Basic learning to professional courses etc. everything for child to youth to even retired person. Very good creative exhibition handled by the students of C. N. Vidyavihar under the best leadership of Teachers & Management of school. Wishing your organization the brightest future ahead.

**- શ્રી એમ.ડી.ત્રિવેદી**

-----------------------------------

આપની શેઠ સી.એન. સ્કૂલમાં કોલેજ સ્ટૂડન્ટસ, પેરેન્ટ્સ માટેનાં કોર્ષ ચાલુ કર્યા છે તે સાંભળીને ખૂબ જ આનંદ થાય છે. આપની સ્કૂલનાં બાળકોએ ખૂબ જ શિસ્ત પૂર્વક સારી રીતે કમ્પ્યૂટરના જુદા જુદા ભાગો વિશેની માહિતી સમજાવી તેનાથી અમને ખૂબ જ આનંદ થાય તેવી વાત છે.

**- શ્રી પી.એસ. પટેલ**

-----------------------------------

સ્ટુડન્ટ પ્રેઝન્ટેશન અને કોન્ફીડન્સ ખૂબ જ સરસ છે. કમ્પ્યૂટરના પાર્ટસમાંથી આટલી વસ્તુઓ બની શકે છે તેનો આજે જ ખ્યાલ આવ્યો. જે પ્રોફેશનલ કોર્સીસ થવાનાં છે તે ખરેખર સાવ નજીવી ફી જે બીજી જગ્યા કરતાં ઓછી છે તેનાથી સ્ટુડન્ટસ, અન્ય વ્યકિતઓને ઘણો લાભ થશે.

**- ભૂતપૂર્વ વિદ્યાર્થી**

-----------------------------------

કમ્પ્યૂટર સેન્ટરમાં દર વર્ષે યોજાતાં પ્રદર્શનમાં દરેક વખતે વિવિધ વસ્તુઓ જોવા મળે છે. બાળકો તેનાથી ઘણું જાણી શકે છે. બાળકોનો ઉત્સાહ વધે છે. તેમનો રસ કેળવાય છે. ગ્લોબલ વોર્મિંગની ખૂબ જ સરસ માહિતી પૂરી પાડી. નાની ઉંમરની વ્યકિતઓનું મોટું સાહસ બાળકો માટે ખૂબ પ્રેરણાદાયી છે.

**- શિક્ષક શ્રી : સી.એન. બાલવિદ્યાલય**

**Bimal Raval**
Director
C. N. Computer Centre